# લોકસભાની પેટાચૂંટણીમાં કોંગ્રેસને ફટકો



## રાષ્ટ્રપતિ પ્રણવના પુત્રની સાંકડા અંતરે જ જીત

નવી દિલ્હી,તા. ૧૩

લોકસભાની બે સીટ પર થયેલી પેટાચૂંટણીમાં કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે. ઉત્તરાખંડમાં તહેરી લોકસભા બેઠક માટે થયેલી ચૂંટણીમાં મુખ્યપ્રધાન વિજય બહુગુણાના પુત્રની કારમી હારથઈ છે. જ્યારે પશ્ચિમ બંગાળમાં જાંગીપુર સીટ પરથી રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીના પુત્ર અભિજીત મુખરજી સાંકડા અંતરથી જીત મેળવવામાં સફળ રહ્યા છે. લોકસભા પેટાચૂંટણીમાં અભિજીતે તેમના નજીકના સીપીએમના ઉમેદવારને માત્ર ૨૫૦૦ મતે હાર આપી હતી. જ્યારે બીજી બાજુ તહેરીમાં મુખ્યપ્રધાન બહુગુણાની પ્રતિષ્ઠાને મોટો ફટકો પડ્યો હતો. તહેરીની પ્રજાએ બહુગુણાના પુત્ર સાકેતને ૨૫ હજારના મતે હાર આપી હતી.ભાજપના માલા રાજ્યલક્ષ્મીની શાનદાર જીત જીત છે.તેમની જીત બાદ ભાજપમાં ઉજવણી કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે વિધાનસભાની ચૂંટણી દરમિયાન વિજય બહુગુણાની પણ હાર થઈ હતી. પરંતુ મુખ્યપ્રધાન બની ગયા બાદ તેમના માટે એક સીટ ખાલી કરાવવામાં આવી હતી. ત્યારબાદ તેઓએ ચૂંટણી જીતીને વિધાનસભામાં પોતાની જગ્યા બનાવી હતી. બીજી બાજુ પશ્ચિમ બંગાળમાં જાંગીપુર બેઠક પર પ્રણવ મુખરજી રાષ્ટ્રપતિ બન્યા બાદ આ બેઠક ખાલી થઈ હતી. આ સીટ પર તેમના પુત્ર અભિજીતને મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા. કોંગ્રેસની ટિકિટ પર તેઓ ચૂંટણી મેદાનમાં ઉતર્યા હતા. અભિજીત ખુબ સાંકજા અંતરે જીત મેળવી શક્યા છે. જે સાબિત કરે છે કે હાલમાં કોંગ્રેસની પ્રતિષ્ઠા સારી દેખાઈ રહી નથી. અભિજીતે સીપીએમના મુજફ્ફર હુસૈનને માત્ર ૨૫૦૦ મતે હાર આપી હતી. અભિજીતની આ જીત ચોક્કસપણે થઈ છે. પરંતુ ખુબ ઓછા અંતરે તેમની જીત થઈ છે. જેના કારણે કોંગ્રેસના રાજકીય પંડિતોમાં પણ ચિંતાનુ મોજુ ફરી વળ્યું છે. થોડાક સમયમાં ગુજરાત અને હિમાચલપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે અભિજીતની જીત કોંગ્રેસ માટે સંતોષજનક રહી નથી. જ્યારે બહુગુણાના પુત્રની હાર થઈ છે.

### ડીએલએફ અને રોબર્ટ વાઢેરા બાદ ગડકરી ટાર્ગેટ

## ૧૬મીએ ગડકરીને સકંજામાં લેવા માટે કેજરીવાલ સજ્જ

નાગપુર,તા.૧૩

ઈન્ડિયા એગેંસ્ટ કરપ્શનના આગામી ટાર્ગેટને લઈને ચાલી રહેલા સસ્પેન્સનો અંત આવી ગયો છે. અરવિંદ કેજરીવાલ હવે ૧૬મી ઓક્ટોબરના દિવસે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નીતિન ગડકરીને ટાર્ગેટ બનાવશે. અરવિંદ કેજરીવાલ રાજકીય પક્ષોને હાલ પોતાની વ્યૂહરચનાથી મુશ્કેલીમાં મૂકી રહ્યા છે. આઈએસીના કાર્યકર અંજલી દામાનીયાએ કહ્યું છે કે નવી દિલ્હીમાં અરવિંદ કેજરીવાલની સાથે સંયુક્ત પત્રકાર પરિષદમાં તેઓ ગડકરીના જુઠ્ઠાણાનો પર્દાફાશ કરશે. કોંગ્રેસને એકબાજુ કામચલાઉ રાહત મળી છે ત્યારે બીજી બાજુ ભાજપને આને લઈને



ઉત્તેજના વધી ગઈ છે. જો ગડકરી સામે એઆઈસી દ્વારા આરોપો મૂકાશે તો કોંગ્રેસ અને ભાજપ વચ્ચે શાબ્દિક યુદ્ધ વધુ તીવ્ર બનશે. આનાથી નાગપુર રાજકારણીની મહત્વકાંક્ષી ઉપર પાણી ફળી વળે છે.

ગડકરી એવો સંકેત આપી ચૂક્યા છે કે તેઓ ૨૦૧૪માં પ્રથમ વખત ચૂંટણી લડવા ઈચ્છુક છે. ભાજપ પ્રમુખ પહેલાંથી જ કોલસા કૌભાંડમાં આવી ચૂક્યા છે. કારણ કે ગડકરીના કેટલાક નજીકના સાથીઓ પૈકીના લોકો બિનજરૂરી લાભ ઉઠાવી ચૂક્યા છે. દામાણિયાનું કહેવું છે કે ગડકરી મહારાષ્ટ્રમાં કરોડો રૂપિયાના સિંચાઈ કૌભાંડમાં મહારાષ્ટ્રના ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી અજીત પવાર સાથે નજીકના સંબંધ ધરાવે છે. આના માટે ગડકરીને કાયદાકીય નોટિસ પણ ફટકારવામાં આવી ચૂકી છે. અંજલીનું કહેવું છે કે કોર્ટમાં મળવા માટે તે તૈયાર છે.

બીજી બાજુ આઈએસીના કાર્યકર ભાવિ રણનીતિને લઈને આક્રામક છે. કેજરીવાલ એક પછી એક આક્ષેપો કરી રહ્યા છે. કેજરીવાલે તાજેતરમાં જ ડીએલએફ અને કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાઢેરા વચ્ચે સાંઠગાંઠ હોવાના મામલે આક્ષેપ કરીને હોબાળો મચાવી ચૂક્યા છે. હવે ગડકરી માટે મુશ્કેલી સર્જાઈ શકે છે. મહારાષ્ટ્રમાં ખાંડ મિલોની ફાળવણીમાં પણ હોબાળો મચાવી ચૂક્યા છે.

## આગ્રામાં ભીષણ આગથી ૧૦ના મોત થયા

આગ્રા,તા.૧૩

આજે સવારે ઉત્તર પ્રદેશના ઐતિહાસિક શહેર આગ્રામાં આગ ફાટી નીકળતા ઓછામાં ઓછા ૧૦ લોકોના મોત થયા હતા જેમાં બે દંપતિ



અને છ બાળકોનો સમાવેશ થાય છે. આગ્રાના થાણાસદર હેઠળ સેવલા જાત વિસ્તારમાં જે મકાનમાં તે રહેતા હતા તે મકાનમાં વિનાશકારી આગ ફાટી નીકળી હતી જેના કારણે આ તમામ ૧૦ લોકો બળીને ભડથું થઈ ગયા હતા. પોલીસે સમગ્ર મામલામાં ઊંડી તપાસ હાથ ધરી છે. નજરે જોનાર સાક્ષીઓનું કહેવું છે કે સિલિન્ડર બ્લાસ્ટના કારણે આગ ફાટી નીકળી હતી. પરિવારના સભ્યો મકાનના પહેલા માળ ઉપર રહેતા હતા. ગેસ સિલિન્ડર બ્લાસ્ટનો અવાજ લોકોએ સાંભળ્યો હોવાના અહેવાલ મળ્યા છે. પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. હજુ સુધી કોઈના પણ નામ જાણવા મળ્યા નથી. તેમના નામ જાણવાના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. પોલીસ ટૂંકમાં જ તેમની યાદી જાહેર કરશે.

## સમાચાર ઝલક

- કિગફીશરનાં વિજય માલ્યા સામે બીનજામીનપાત્ર વોરંટ.
- પાટણમાં રીક્ષા ચાલકની હડતાલ યથાવત.
- મોડાસા ડેપોની કથળેલી હાલતથી મુસાફરો પરેશાન.
- શાંતિ માટેનો નોબલ પ્રાઇઝ યુરોપિયન યુનિયનને મળ્યો.
- માઉન્ટ આબુમાં જમીન દલાલનું અપહરણ.
- કાંકરીયા કાર્નિવલમાં સિસ્ટમથી અધિકારીઓ દિગ્મૂઢ.
- મધુબનીમાં હિંસક તોફાન.
- બરાક ઓબામાના ચૂંટણી કાર્યાલય પર ગોળીબાર.
- બોક્સર મનીષા ચૌહાણ ૧૦ દિવસથી કોમામાં.
- આગ્રામાં એક જ કુટુંબની ૧૦ વ્યક્તિઓનું આગમાં મોત થયું.
- તિહરીમાં વિજય બહુગુણાના પુત્રની કારમી હાર, ભાજપની જીત.
- નવરાત્રીમાં રાત્રે વીજળીકાપ થશે નહીં.
- ભારતમાં સહકારી આંદોલન વિશ્વભરમાં અગ્રેસર છે.
- અરવિંદ કેજરીવાલ સલમાન ખુરશીદના રાજીનામા માટે અડગ.

## જુદા જુદા રાજ્યોમાં આશરે ૧૦,૦૦૦ જેટલા ફોન કાયદાકીય રીતે ટેપ કરાયા

નવી દિલ્હી,તા.૧૩

જુદા જુદા રાજ્યોમાં આશરે ૧૦,૦૦૦ જેટલા ફોન કાયદાકીય રીતે ટેપ કરવામાં આવ્યા છે. આજે ઉપલબ્ધકરવામાં આવેલા સત્તાવાર આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. આશરે ૪૫૦૦ ફોન ઓગસ્ટ મહિના દરમિયાન ટેપ કરવામાં આવ્યા હતા. ઉપરાંત ૫૦૦૦ ફોન પહેલાંથી જ ટેપ કરવામાં આવી રહ્યા હતા. જુદી જુદી ઈન્ટલિજન્ટ સંસ્થાઓ, પોલીસદળો અને સૈના દ્વારા તપાસના અને ફોન ટેપ કરવાના આદેશ જારી કરવામાં આવ્યા હતા. ફોન ઉપરાંત આશરે ૧૨૦૦ જેટલા ઈમેઈલ એડ્રેસ પણ ઈન્ડિયન ટેલિગ્રાફ એક્ટ હેઠળ ચકાસણી હેઠળ મૂકાયા હતા. કેન્દ્રીય ગૃહસચિવ દ્વારા જારી કરવામાં આવેલા આદેશ મુજબ ઉચ્ચસ્તરીય સમીતિને આ પ્રકારની માહિતી આપવામાં આવી હતી. કેબિનેટ સચિવ અજીત શેઠ, ટેલિકોમ સચિવ આર ચંદ્રશેખર, કાયદા સચિવ બી એ અગ્રવાલની બનેલી સમીતિએ ગૃહસચિવ દ્વારા જારી કરવામાં આવેલા આદેશોને સમર્થન આપ્યું છે. સાથે સાથે જુદા જુદા વ્યક્તિગતોના ૫૬૯ ઈમેઈલમાં નજર કરવા માટેની વિનંતીને પણ સ્વીકારી લીધી છે. ઈન્ટલિજન્સ બ્યુરો યાદીમાં પ્રથમ સ્થાને છે. ૬૦૦૦ ફોન માટે આદેશ અપાયો હતો જે પૈકી એકલા ઓગસ્ટ મહિનામાં ૨૧૦૦ વિનંતી કરવામાં આવી હતી. એકલા ઓગસ્ટ મહિનામાં દિલ્હી પોલીસ દ્વારા ૭૩૮ વિનંતી કરવામાં આવી છે. સેનાની સિંગ્નલ ઈન્ટલિજન્સ દ્વારા ૧૧૦૦ ફોન ટેપ કવરામાં આવ્યા હતા જે પૈકી ઓગસ્ટ મહિનામાં ૫૭૭ વિનંતી કરવામાં આવી હતી. તેના દ્વારા ૫૨૭ સંદેશાઓ પકડી પાડવામાં આવ્યા છે. ડિરેક્ટોરેટ ઓફ રેવેન્યુ ઈન્ટલિજન્સ દ્વારા ઓગસ્ટ મહિના દરમિયાન ૩૫૦ ફોનમાં ચકાસણી કરવામાં આવી છે. તાજેતરના વર્ષોમાં આશરે ૧૦,૦૦૦ જેટલા ફોનની કાયદાકીય રીતે જુદા જુદા રાજ્યોમાં ચકાસણી કરવામાં આવી છે. ઓગસ્ટ મહિનામાં મોટી સંખ્યામાં ફોન સંદેશાઓ પકડવામાં પણ આવ્યા છે.

## દેશભરમાં આઈફોન-૫ની કિંમત ૪૫-૪૮ હજાર હશે

નવી દિલ્હી, તા. ૧૩

એપલ આઈફોન-૫ ૨૬મી ઓક્ટોબરના દિવસે ભારતમાં લોંચ થનાર છે ત્યારે તેની કિંમતને લઈને અટકળોનો દોર ચાલી રહ્યો છે. અટકળોના દોર વચ્ચે એમ માનવામાં આવે છે કે ૧૬ જીબી મોડલ માટેની કિંમત ૪૬૦૦૦થી ૪૮૦૦૦ વચ્ચે રાખવામાં આવશે જ્યારે ૩૨ જીબી મોડલની કિંમત ૫૧૦૦૦થી ૫૩૦૦૦ વચ્ચે રાખવામાં આવશે જ્યારે આઈફોન ૫ના ટોચના મોડલ ૬૪ જીબીની કિંમત ૫૮૦૦૦થી લઈને ૬૧૦૦૦ રાખવામાં આવશે. સંપર્ક કરવામાં આવતા કંપનીના પ્રવક્તાએ લોંચ તારીખ અથવા તો કિંમત અંગે માહિતી આપવાનો ઈન્કાર કર્યો છે પરંતુ માર્કેટ અને કેરિયર્સમાં એવી ચર્ચા છે કે ૨૬મી ઓક્ટોબરના દિવસે ભારતમાં આઈફોન-૫ લોંચ થઈ જશે. આ કિંમતો કામચલાઉ દેખાઈ રહી છે. બે મોટા ટેલિકોમ ઓપરેટરો ઉપર આધારિત છે. એપલના સૂત્રોનું કહેવુંછે કે વાસ્તવિક કિંમત લોંચની આસપાસ વિદેશી હુંડિયામણમાં રેટ ઉપર આધારિત રહેશે. એપલે ક્યારેય પણ તેના




પ્રોડક્ટની સત્તાવાર લોંચ પહેલાં જાહેરાત કરી નથી. પાટનરોની પણ ક્યારેય જાહેરાત કરવામાં આવી નથી. એપલની આ વ્યૂહરચના હમેશા અસરકારક રહી છે. આ વખતે પણ કંપની ભારતમાં તેની રિટેલ વ્યૂહરચના વિસ્તૃત બનાવવાની તૈયારીમાં છે. આ વખતે એપલ આઈફોન-૫ને સીધી રીતે બજારમાં ઉતારવા ભારતમાં તેના રિસેલર નેટવર્કનો ઉપયોગ કરનાર છે. આઈપેડ-આઈપોડ, નોટબુક અને કોમ્પ્યુટરની જેમ જ આ વખતે તેના નેટવર્કનો ઉપયોગ કરવામાં આવશે. ભારતમાં કેરિયર્સ પાટનરો એરટેલ અને એરસેલ સાથે પણ તે છેડો ફાડી શકે છે. આ કંપનીઓ ભારતમાં અગાઉ તેના આઈફોન મોડલ વેચી ચૂકી છે. પરંતુ આ વખતે એપલ તેની પોતાની યોજનામાં આ ફોન વેચવાની યોજના ધરાવે છે. ભારતમાં માત્ર અનલોક્ડ હેડસેટ જ વેચાય છે. જો એપલ ભારતમાં કોઈપણ કેરિયર વગર ફોન લોંચ કરશે તો આનો મતલબ એ થશે કે યુઝરોને નેનો સીમ કાર્ડ ઉપલબ્ધ કરાવતાં ઓપરેટરો શોધવા પડશે જે માત્ર આઈફોન-૫ ઉપયોગ કરે છે. સૂત્રોનું કહેવું છે કે વડાફોન ઈન્ડિયા દ્વારા કહેવામાં આવ્યું છે કે નવેસરના આઈફોન માટેની માંગને પહોંચી વળવા તેની પાસે નેનો સીમનો ભરાવો છે. એપલ આઈફોન-૫ના ખરીદારોને બે વર્ષની વોરંટી પણ આપશે. આઈફોન-૪ એસ ૬૪ જીબીની કિંમત ૪૮૦૦૦ ભારતીય બજારમાં હતી. આઈફોન-૫ ૧૬ જીબીની કિંમત પણ આવી જ રહેશે. જ્યારે આઈફોન-૪ એસના ૧૬ જીબી અને ૩૨ જીબી ફોનની કિંમત ૪૧-૪૫ હજારની આસપાસ છે. બે વર્ષ જૂના આઈફોન-૪ જીબીની કિંમત હાલ ૨૮૩૦૦ની આસપાસ છે.

## ભાજપ સાથે કોઈ બાંધછોડ કરવા યેદીયુરપ્પાનો ઈન્કાર

બેંગ્લોર, તા. ૧૩

કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી વી. એસ. યેદીયુરપ્પાએ ભાજપ છોડવાના નિર્ણય પર અડગ હોવાનો આજે દાવો કર્યો હતો. પક્ષ છોડવાના મુદ્દે પક્ષના અમુક સાથીદારો મૂંઝવણ ઉભી કરી રહ્યાનો દાવો કરતાં યેદીયુરપ્પાએ કહ્યું હતું કે, ડિસેમ્બર સુધી તેમને ધીરજ ધરવા દો. ભાજપમાં હવે ચાલુ રહેવાન કોઈ પ્રશ્ન જ નથી. પક્ષ છોડવાના મારા નિર્ણયમાં ફેરફાર થવાનો પણ કોઈ પ્રશ્ન ઉભો નથી. ડિસેમ્બરમાં ભાજપને અલવિદા કરવાનું જણાવતા યેદીયુરપ્પાએ ચીમકી ઉચ્ચારી હતી કે સરકારમાં મંત્રીમંડળમાં મારા સાથીદારો છે. તેમને કોઈ મુશ્કેલી પડથે તો આ સરકાર બચી નહીં શકે. ડિસેમ્બરમાં ધારાસભ્યપદેથી રાજીનામું આપ્યા બાદ તેઓ સમગ્ર રાજ્યની યાત્રા પર નીકળશે. બેલગામ જિલ્લામાં પોતાના ડોલર કોલોની સ્થિત આવાસે સમર્થકો સાથેની બેઠક યેદીયુરપ્પાએ અચાનક જ મુલતવી રાખી દીધી હતી. સૂત્રોનાં જણાવ્યા મુજબ આગામી વર્ષે કર્ણાટક વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. તે પૂર્વે યેદીયુરપ્પા એક પ્રાદેશિક પક્ષ બનાવશે. ચૂંટણીમાં તેઓ પ્રાદેશિક પક્ષના બેનર હેઠળ જ ઝંપલાવશે. નોંધનીય છે કે ખાણ-ખનિજ કૌભાંડમાં લોકાયુક્તની તપાસમાં આરોપી બનાવાતાં યેદીયુરપ્પાને કર્ણાટકનું મુખ્યમંત્રી પદ છોડવું પડ્યું હતું. ત્યારથી તેઓ અવારનવાર મુખ્યમંત્રી પદ મેળવવા માટે ભાજપ હાઈકમાન્ડ સમક્ષ વિવિધ ત્રાગાં કરતા આવ્યા છે. તેમના રાજીનામા બાદ બે મુખ્યમંત્રી રાજ્યમાં આવી ગયા છે. હવે તેમને મુખ્યમંત્રી પદ મળવાની આશા ન લાગતાં તેઓએ નવો પક્ષ બનાવવાની યોજના તૈયાર કરી છે. થોડા સમય પહેલાં તેમણે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીની પ્રશંસા કરી હતી. જેથી તેઓ કોંગ્રેસમાં સામેલ થાય તેવી શક્યતા વર્તાતી હતી. પરંતુ તેમણે હવે પોતે જ ભાજપને અલવિદા કરીને નવો પક્ષ બનાવવાની જાહેરાત થોડાક દિવસ અગાઉ જ કરી હતી.

## ચાંદીમાં ફરી ૨૦૦, સોનામાં રૂપિયા ૫૦નો થયેલો ઘટાડો

નવી દિલ્હી, તા. ૧૩

સોના ચાંદી બજારમાં આજે ઉથલપાથલ જોવા મળી હતી. સપ્તાહ દરમિયાન સારા કારોબાર બાદ શનિવારે સપ્તાહનાં અંતિમ દિવસે અમદાવાદ સોના-ચાંદી બજારમાં નેગેટીવ કારોબાર જોવા મળ્યો હતો. જેનાં કારણે અમદાવાદ સોના-ચાંદી બજાર શનિવારે નેગેટીવ ઝોનમાં બંધ થયું હતું. સૌ પ્રથમ ચાંદીની વાત કરીએ તો શુક્રવારે શરૂ થયેલ ચાંદીમાં પીછેહઠ શનિવારે પણ જોવા મળી હતી. અને પ્રતિકિલોગ્રામ ચાંદીનાં ભાવમાં રૂપિયા ૨૦૦નો કડાકો



નોંધાયો હતો. જે સાથે ચાંદીનાં ભાવ સપ્તાહના અંતે રૂપિયા ૫૯૩૦૦ થી ૫૯૮૦૦ની સપાટી ઉપર બંધ રહ્યા હતા. જે શુક્રવારે રૂપિયા ૫૯૫૦૦ થી ૬૦૦૦૦ની સપાટી ઉપર સ્થિર હતા. ઉલ્લેખનીય છે કે વર્તમાન સપ્તાહમાં ચાંદીએ રૂપિયા ૫૯૦૦૦ થી ૫૯૫૦૦ની નીચી સપાટીથી શરૂઆત કરી હતી. અને ગુરુવારે રૂપિયા ૬૦૨૦૦ની સપ્તાહની ઉંચી સપાટીને સ્પર્શ કર્યા બાદ શનિવારે રૂપિયા ૫૯૮૦૦ની સપાટી ઉપર બંધ રહ્યા છે. આમ સપ્તાહ દરમિયાન ચાંદીના ભાવમાં રૂપિયા ૩૦૦નો સુધારો નોંધાયો છે. જ્યારે ચાંદીના પગલે પ્રતિકિલોગ્રામ રૂપાના ભાવમાં પણ રૂપિયા ૨૦૦નો કડાકો નોંધાયો હતો. જેનાં કારણે સપ્તાહનાં અંતિમ દિવસે રૂપાના ભાવ રૂપિયા ૫૯૧૦૦ થી ૫૯૬૦૦ની સપાટી ઉપર બંધ રહ્યા હતા. જ્યારે સપ્તાહ દરમિયાન ચડ ઉતરનો સામનો કરનાર સોનાના ભાવ શનિવારે તૂટ્યા હતા. શનિવારના કારોબારનાં અંતે ૧૦ ગ્રામ સોનાનાં ભાવ રૂપિયા ૫૦ના ઘટાડા સાથે રૂપિયા ૩૧૫૦૦ થી ૩૧૬૦૦ની સપાટી ઉપર બંધ રહ્યા હતા. જે શુક્રવારે રૂપિયા ૩૧૫૫૦ થી ૩૧૬૫૦ની ઉંચી સપાટી ઉપર સ્થિર હતા.

ઉલ્લેખનીય છે કે વર્તમાન સપ્તાહમાં સોનાના ભાવ રૂપિયા ૩૧૪૦૦ થી ૩૧૫૦૦ની સપાટીથી ખુલી બુધવારે રૂપિયા ૩૧૬૨૫થી ૩૧૭૨૫ની ઉંચી સપાટીને સ્પર્શ કર્યા બાદ શનિવારે રૂપિયા ૩૧૫૦૦ થી ૩૧૬૦૦ની સપાટી ઉપર બંધ રહ્યા હતા. જે સપ્તાહ દરમિયાન સોનાના ભાવમાં રૂપિયા ૧૦૦નો વધારો દર્શાવે છે.નવી દિલ્હી બુલિયન બજારમાં ચાંદીની કિંમતમાં રૂપિયા ૫૦૦નો ઘટાડો થયો હતો. જેથી તેની કિંમત ૬૦૫૦૦ જેટલી થઈ ગઈ હતી. વૈશ્વિક બજારમાં પણ હાલ ઉતારચઢાવની સ્થિતી જોવા મળી રહી છે.

### અમેરિકી ચૂંટણી : ઓબામાની ઓફિસ ઉપર ગોળીબાર થયો

લોસએન્જલસ,તા. ૧૩

અમેરિકામાં પ્રમુખપદની ચૂંટમી આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે અમેરિકમાં ગુનાઓનું પ્રમાણ તાજેતરના દિવસોમાં વધુ ગયુ છે. અમેરિકાના કોલોરેડો રાજ્યમાં પ્રમુખ બરાક ઓબામાની પ્રચાર કચેરી પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ ગાળીબારમાં કર્મચારીઓમાં ભારે દહેશત ફેલાઈ ગઈ હતી. જો કે આ બનાવમાં કોઈને ઈજા થઈ ન હતી. આ બનાવના ભાગરૂપે એક ગોળી બારી સાથે અથડાઈ હતી. કર્મચારીઓમાં દહેસત ફેલાવવાના ભાગરૂપે ગોળીબાર કરાયો હોવાના અહેવાલ મળ્યા છે. ડેનવેર પોસ્ટે પોલીસને ટાંકીને કહ્યું છે કે એક ગોળી છોડવામાં આવી હતી. આ ગોળીબાર બપોરના સમયમાં કરવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં કર્મચારીઓ ઓફિસમાં તેમના કામમાં વ્યસ્ત હતા ત્યારે આ ગોળી છોડવામાં આવી હતી.અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણીમાં ઓબામા અને મીટ રોમની વચ્ચે તીવ્ર સ્પર્ધા થવાના સંકેત દેખાઈ રહ્યા છે.

## મુડી બજાર, વીમા, બેકિંગ ક્ષેત્રમાં અનેક ફેરફારો થશે : ચિદમ્બરમ

નવી દિલ્હી,તા.૧૩

અર્થતંત્રમાં નવા પ્રાણ ફુકવા અને વિકાસની ગતિને ઝડપી બનાવવા માટે સરકાર દ્વારા ઝડપથી પગલા લેવામાં આવી રહ્યા છે. રીટેલમાં એફડીઆઈને મંજૂરી આપવા અને ડીઝલની કિંમતમાં વધારો કરવામાં આવ્યા બાદ સરકાર હવે વધુ કેટલાક આક્રમક પગલા લેવાની તૈયારીમાં છે. આ તમામ નવા પગલાની ટુંકમાં જ જાહેરાત કરવામાં આવશે. નાણાંપ્રધાન પી. ચિદમ્બરમે મુડીબજાર, વીમા, બેકિંગ અને ઈન્ફ્રાસ્ટકચર ક્ષેત્રે વદુ સુધારા પગલા લેવાનો આજે સંકેત આપ્યો હતો. આ તમામ નવા પગલાથી દેશમાં તેજી આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. વીમાના સંબંધમાં સરકાર રોકાણકારો માટે પોલિસીને વદુ આકર્ષક બનાવવા ટેક્સ રાહતો આપવાની તૈયારી કરી છે.આના માટે ટેકસ રાહતો રહેશે. અન્ય બાબતોમાં નાણાં મંત્રાલય દ્વારા સર્વિસ ટેક્સમાંથી પ્રથમ વર્ષના પ્રિમિયમને મુક્તિ આપવાની બાબતનો પણ સમાવેશ થાય છે. સાથે સાથે વધુ સંખ્યામાં જીવન વીમા પોલીસીને આવરી લેવા માટે ટેક્સ મુક્તિ સ્કીમને વધુ લંબાવવામાં આવે તેવી શક્યતા છે. ઈન્ફ્રાસ્ટક્ચર ક્ષેત્રમાં ફંડ પ્રવાહની સ્થિતીને સુધારવા માટે પણ પગલા લેવામાં આવશે. સરકાર આ દિશામાં ચોક્કસ પગલા જાહેર કરી શકે છે. ઓગષ્ટ મહિનામાં નાણાંપ્રદાન તરીકેનો હવાલો સંભાળી લીધા બાદ તેમના દ્વારા હાથ ધરવામાં આવેલા સુધારા પગલાનો દોર યથાવત રીતે જારી રહ્યો છે. ચિદમ્બરમ અનેક વખત કહી ચુક્યા છે છે કે સુધારાને ઝડપથી આગળ વધારવામાં આવશે. સુધારામાં વિલંબના કારણે વિકાસની ગતિ ધીમી પડી છે. નાણાં પ્રધાને આજે વિવિધ મામલે વિસ્તારપૂર્વક ચર્ચા કરી હતી. તેમના દ્વારા લેવામાં આવેલા પગલાના કારણે રૂપિયામાં મજબુતી આવી છે. છેલ્લા ત્રણ મહિનાના ગાળામાં ડોલરની સામે રૂપિયામાં પાંચ ટકાનો સુધારો થયો છે. ચિદમ્બરમ માને છે કે રૂપિયામાં હજુ મજબુતી આવશે. તેમણે વિગત આપતા કહ્યું હતું કે રૂપિયો મજબુત બનવાથી ખર્ચમાં થઈ રહેલા ઘટાડાને કાબુમાં લેવામાં મદદ મળશે.

વૈશ્વિક બજારોમાં પ્રવર્તી રહેલી અનિશ્ચિતતા અંગે ચિંતા વ્યક્ત કરતા તેમણે કહ્યું હતું કે ઉંચા કોમોડીટીના ભાવનાકારણે દેશના વિકાસ આડે અડચણો ઉભી થઈ છે. તેના કારણે ફુગાવા પર પ્રતિકુળ અસર થઈ છે. જાપાનના પાટનગર ટોકિયોમાં આઈએમએફસીની બેઠકમાં ચિદમ્બરમે ભાગ લીધો હતો. તેમણે ત્યારબાદ હાલની સ્થિતી અંગે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે ઉભરતા અર્થતંત્રોમાં મુડી પ્રવાહની સ્થિતી ઉથલપાથલવાળી રહી છે. વૈશ્વિક કોમોડીટીના ભાવ આસમાને પહોંચ્યા છે. જેની સીધી અસર થઈ રહી છે. આઈએમએફ-વર્લ્ડ બેંકની બેઠકમાં હાજરી આપવા માટે પહોંચેલા નાણાં પ્રધાને કહ્યું હતું કે વૈશ્વિક ખાદ્ય ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચ્યા છે. ભારત અંગે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે વૈશ્વિક કોમોડીટીના ભાવ નવી ચિંતા ઉપજાવે છે. ભૌગોલિક રાજકીય પરિબળો અને તંગદીલીના કારણે કોમોડીટીના ભાવ વધ્યા છે. સાથે સાથે ફુગાવો વધ્યો છે. અમેરિકા, યુરોપ અને જાપાન દ્વારા તેમની નાણાંકીય વ્યવસ્થામાં જંગી લિક્વિડીટી ઠાલવવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા પગલાના કારણે હાલમાં સરકારની ચારેબાજુ વ્યાપક ટિકા થઈ છે.